# ભાવનગર મહાનગરપાલિકા
## ગાર્ડન વિભાગ
## વિગતવાર જાહેર નિવિદા

| ક્રમ નં. | કામ નું નામ | ટેન્ડર ફી (નોન રીફન્ડેબલ) રૂ. | ડીપોઝીટ રૂ. |
|---|---|---|---|
| ૧ | ભાવનગર શહેર ની હદમાં મહાનગરપાલિકા સૂચવે તે જગ્યાએ વૃક્ષોને ટેન્કર દ્વારા પાણી આપવાનું દ્વીવાર્ષિક (૨૦૨૪-૨૫, ૨૦૨૫-૨૬) કામ. | ૫૦૦/- | ૨૫,૦૦૦/- |

ભાવનગર શહેર ની હદમાં મહાનગરપાલિકા સૂચવે તે જગ્યાએ વૃક્ષોને ટેન્કર દ્વારા પાણી આપવાનું દ્વીવાર્ષિક (૨૦૨૪-૨૫, ૨૦૨૫-૨૬) કામ કરવા માટે આ પ્રકારનું કામ કરતી સંસ્થાઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા દ્વારા ભાવ મગાવવામાં આવે છે. રસ ધરાવનાર સંસ્થાઓ એ નીચે મુજબ ની સમય મર્યાદામાં ટેન્ડર ભરવાનું રહેશે. ૧. ટેન્ડર ભરવાની તારીખ:૧૭/૧૦/૨૦૨૪ થી ૨૮/૧૦/૨૦૨૪ સમય: સાંજના ૦૭:૦૦ સુધી. ૨. ટેકનીકલ ડોક્યુમેન્ટ્સ અત્રેની કચેરીએ પહોચાડવાની અંતિમ તારીખ: ૦૬/11/૨૦૨૪ ૩. ટેકનીકલ બીડ ખોલવાની તારીખ: ૦૭/11/૨૦૨૪. ૪. પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ:13/11/૨૦૨૪ ટેન્ડર ખોલવાની તારીખમાં ફેરફાર કરવાનો નિર્ણય ભાવનગર મહાનગરપાલિકાનો આખરી રહેશે. આ અંગેની વિગતવાર જાહેર નિવિદા કોન્ટ્રાકટરોની જાણ માટે ભાવનગર મહાનગરપાલિકાના ઓફીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે. તથા ઓનલાઇન વિજ્ઞાપન www.bmcgujarat.com ઉપર પણ જોઇ શકાશે. ટેન્ડર ઓનલાઇન www.nprocure.com/www.tender.nprocure.com પર જ ભરવાનું રહેશે. પત્ર વ્યવહારનું સરનામું : ગાર્ડન સુપ્રિન્ટેન્ડેન્ટશ્રીની કચેરી, સરદારબાગ, પાનવાડી ચોક, ભાવનગર-૩૬૪૦૦૧.

ગાર્ડન સુપ્રિન્ટેન્ડેન્ટ
મહાનગરપાલિકા, ભાવનગર

**-: જાહેર નિવિદા : -**

# ભાવનગર મહાનગરપાલિકા

## ગાર્ડન વિભાગ

ભાવનગર શહેર ની હદમાં મહાનગરપાલિકા સૂચવે તે જગ્યાએ વૃક્ષોને ટેન્કર દ્વારા પાણી આપવાનું દ્વીવાર્ષિક (૨૦૨૪-૨૫, ૨૦૨૫-૨૬) કામ કરવા માટે આ પ્રકારનું કામ કરતી સંસ્થાઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા દ્વારા ભાવ મગાવવામાં આવે છે. રસ ધરાવનાર સંસ્થાઓ એ નીચે મુજબ ની સમય મર્યાદામાં ટેન્ડર ભરવાનું રહેશે. ૧. ટેન્ડર ભરવાની તારીખ:૧૭/૧૦/૨૦૨૪ થી ૨૮/૧૦/૨૦૨૪ સમય: સાંજના ૦૭:૦૦ સુધી. ૨. ટેકનીકલ ડોક્યુમેન્ટ્સ અત્રેની કચેરીએ પહોચાડવાની અંતિમ તારીખ: ૦૬/11/૨૦૨૪ ૩. ટેકનીકલ બીડ ખોલવાની તારીખ: ૦૭/11/૨૦૨૪. ૪. પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ:13/11/૨૦૨૪. ટેન્ડર ખોલવાની તારીખમાં ફેરફાર કરવાનો નિર્ણય ભાવનગર મહાનગરપાલિકાનો આખરી રહેશે. આ અંગેની વિગતવાર જાહેર નિવિદા કોન્ટ્રાકટરોની જાણ માટે ભાવનગર મહાનગરપાલિકાના ઓફીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે. તથા ઓનલાઇન વિજ્ઞાપન www.bmcgujarat.com ઉપર પણ જોઇ શકાશે. ટેન્ડર ઓનલાઇન www.nprocure.com/www.tender.nprocure.com પર જ ભરવાનું રહેશે.

ગાર્ડન સુપ્રિન્ટેન્ડેન્ટ

મહાનગરપાલિકા, ભાવનગર.

| | | |
|---|---|---|
| | **ભાવનગર મહાનગરપાલિકા**<br>**ગાર્ડન વિભાગ**<br>**ટેન્ડર** | |

કામનું નામ :- ભાવનગર શહેર ની હદમાં મહાનગરપાલિકા સૂચવે તે જગ્યાએ વૃક્ષોને ટેન્કર દ્વારા પાણી આપવાનું દ્વીવાર્ષિક (૨૦૨૪-૨૫, ૨૦૨૫-૨૬) કામ.

કોન્ટ્રાકટરનું નામ :-

સરનામું :-

ટેલીફોન નં./મો.નં.:-

ટેન્ડર ફી ભર્યાની પહોંચ નંબર..................................તારીખ..................................

| ક્રમ | વિગત | ભાવ/ટેન્કર(રૂ.) (GST લગાડ્યા વગરનો ભાવ ભરવો) |
|---|---|---|
| ૧ | ભાવનગર શહેર ની હદમાં મહાનગરપાલિકા સૂચવે તે જગ્યાએ ફૂલ-છોડ કે ૧૦૦૦૦ લીટરની ક્ષમતાવાળા ટેન્કર દ્વારા પાણી આપવાનું કામ. | **ફક્ત ઓનલાઈન ભરવા** |
| ૨ | ભાવનગર શહેર ની હદમાં મહાનગરપાલિકા સૂચવે તે જગ્યાએ ફૂલ-છોડ કે ૫૦૦૦ લીટરની ક્ષમતાવાળા ટેન્કર દ્વારા પાણી આપવાનું કામ. | **ફક્ત ઓનલાઈન ભરવા** |

## -:: શરતો ::-

**(અ) ક્વોલીફીકેશન ક્રાઈટેરીયા**

(૧) આ ટેન્ડર કોઈ પણ સરકાર માન્ય સંસ્થા/સરકાર માન્ય ટ્રસ્ટ/ખાનગી પેઢી/ભાગીદારી પેઢી/સહકારી સંસ્થા/પ્રોપરાઈટર સંસ્થા ભરી શકશે. ટેન્ડર ભરનાર સંસ્થા પાસે PAN કાર્ડ. EPF અને ESIC નમ્બરનું રજીસ્ટ્રેશન હોવું જોઈએ. સંસ્થાએ ભાવનગર મહાનગરપાલિકામાં વ્યવસાય વેરા માટેનું રજીસ્ટ્રેશન (ટેન્ડર મંજુર થાય તો) કરાવવાનું રહેશે.

(૨) ટેન્ડર ભરનાર સંસ્થા પાસે ફરજીયાત પણે GST નંબર હોવો જોઈએ.

(૩) ટેન્ડર ભરનાર સંસ્થાએ ભાવનગરમાં કાયમી સ્થાનિક કાર્યાલયનો આધાર પુરાવો રજુ કરવાનો રહેશે.

(૪) ટેન્ડર ડોક્યુમેન્ટ સાથે રૂ.૨૫, ૦૦૦ ડીપોઝીટ પેટે તથા રૂ.૫૦૦ ટેન્ડર ફી પેટે ભરવાના રહેશે. જેના આધાર પુરાવા અત્રેની કચેરી એ નિયત સમયમાં મોકલી આપવાના રહેશે. ડિપોઝીટ કે ટેન્ડર ફી વિનાનું ટેન્ડર માન્ય રહેશે નહી. E.M.D કે ટેન્ડર કી માટે રાષ્ટ્રીયકૃત બેંકનો જ D.D. રજુ કરવાનો રહેશે. D.D. કમીશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાના નામનો આપવાનો રહેશે. કોન્ટ્રાક્ટરશ્રીએ ઈ.એમ.ડી. ની રકમ પેટે માત્ર ડિમાન્ડ ડ્રાફ્ટ જ રજુ કરવાના રહેશે. અન્ય કોઈ સ્વરૂપે ઈ.એમ.ડીની રકમ ભાવનગર મહાનગરપાલિકા દ્વારા સ્વીકારવામાં આવશે નહિ. સિક્યુરીટી ડીપોઝીટ અર્થે સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની ફિક્સ ડીપોઝીટ કે બેંક ગેરેન્ટી ભાવનગર મહાનગરપાલિકા દ્વારા અસ્વીકૃત ગણવામાં આવશે

(૫) અપુરતા ડોક્યુમેન્ટ વાળુ ટેન્ડર માન્ય રહેશે નહી. ટેન્ડર માં દર્શાવેલ તમામ આઈટમ માં ફરજીયાત પણે ભાવ ઓનલાઈન ભરવાના રહેશે. કોઈ આઈટમ માં ભાવો ઓફ્લાયન ભરેલ હોય તો તે ટેન્ડર રદ કરવામાં આવશે અને આ બાબતે કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા નો નિર્ણય આખરી રહેશે.

(૬) ટેન્ડર ભરનાર સંસ્થાએ ભાવનગર મહાનગરપાલિકા અથવા અન્ય કોઇ સરકારી/અર્ધ સરકારી કચેરી કે પછી અન્ય કોઈપણ જગ્યાએ પોતે બ્લેકલિસ્ટ થયેલ નથી તથા પોતે કોઇ સંસ્થાના ડિફોલ્ટર નથી તથા સંસ્થા વિરુદ્ધ કોઈ પોલીસ કેસ ચાલુ નથી તેનું એકરારનામું (એફિડેવિટ) રૂ.300 ના સ્ટેમ્પ પેપર પર અસલમાં રજુ કરવાનું રહેશે.

(૭) ટેન્ડર ભરનાર સંસ્થાએ ટેન્કર દ્વારા વોટર સપ્લાયના છેલ્લા ૩ વર્ષ (૨૦૨૧-૨૦૨૨, ૨૦૨૨-૨૦૨૩ તથા ૨૦૨૩-૨૦૨૪) દરમિયાન સરેરાશ કુલ રૂ.૧૫ લાખ કે તેથી વધુના કામો કરેલા હોવા જોઈએ. આ કામના  વર્કઓર્ડર તથા અનુભવના પ્રમાણપત્રો સામેલ રાખવાના રહેશે. તથા ટેન્ડર ભરનાર સંસ્થાનું છેલ્લા ૩ વર્ષ (૨૦૨૧-૨૦૨૨, ૨૦૨૨-૨૦૨૩ તથા ૨૦૨૩-૨૦૨૪) દરમિયાનનું સરેરાશ વાર્ષિક ટર્નઓવર રૂ.૧૫ લાખ કે તેથી વધુનું હોવું જોઈએ. જે માટે સી.એ. સર્ટીફીકેટ રજુ કરવાના રહેશે.

(૮) મીનીમમ ૧૦ લાખની ચાલુ નાણાકીય વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંસી રજુ કરવાની રહેશે.

**(૯) અનુભવ વગરનું ટેન્ડર રદ કરવા પાત્ર રહેશે.** આ ભાવો વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ એમ ૨ નાણાકીય વર્ષો સુધી જ માન્ય રહેશે. મહાનગરપાલિકા ઈચ્છશે તો આ ભાવોને આગામી સમય માટે રીન્યુ કરી શકશે.

**(બ) સ્કોપ ઓફ વર્ક (Scope of Work)**

(૧૦) ટેન્ડર ભરનાર સંસ્થાએ ટેન્કર દ્વારા ભાવનગર શહેરની હદમાં મહાનગરપાલિકા સૂચવે તે તમામ જગ્યાઓએ સૂચવેલ માત્રામાં સૂચવેલ દિવસોએ પાણી આપવાનું રહેશે. પાણી આપવા માટે ટેન્કર, ડ્રાઈવર, બેલદાર કે તેને આનુંશાન્ગીક તમામ વ્યવસ્થાઓ ટેન્ડર ભરનાર સંસ્થાએ કરવાની રહેશે.

(૧૧) વૃક્ષોને આપવા માટેનું જરૂરી પાણી રૂવાપરી રોડ, એક્સલ ઇન્ડસ્ટ્રીઝ પાસે આવેલ ૪૫ MLD STP પ્લાન્ટ માંથી અથવા મહાનગરપાલિકા સૂચવે તે જગ્યાએથી ભરવાનું રહેશે જેનો કોઈ ચાર્જ અલગથી લેવામાં આવશે નહિ. પાણી મહાનગરપાલિકા દ્વારા વિનામૂલ્યે આપવામાં આવશે.

(૧૨) ટેન્કર દ્વારા જ વૃક્ષોને નિયમિત રીતે પાણી આપવાનું રહેશે. ટેન્કર માં GPS ફરીજીયાત પણે લગાવવાની રહેશે તથા દર મહીને બીલ ની સાથે GPS રીપોર્ટ રજુ કરવનો રહેશે. ટેન્કર ના ડ્રાયવર પાસે હેવી વેહિકલ ચલાવવા માટેનું લાયસન્સ હોવું ફરજીયાત છે. તથા ટેન્કરનું RTO કચેરી ખાતે નિયમ મુજબનું પાસીંગ, વીમો કરાવવાનું રહેશે.

(૧૩) ટેન્કરના ચાલક દ્વારા કોઈ પણ પ્રકારનો અકસ્માત કરવામાં આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે, મહાનગરપાલિકાની રહેશે નહિ.

**(ક) ટેન્ડરની સામાન્ય શરતો**

(૧૪) જે સંસ્થાનું ટેન્ડર સ્વીકારવામાં આવે તે સંસ્થાએ તેઓના ભાવો મંજુર થયાની જાણ કર્યેથી દિન-૧૫ માં કુલ મંજુર વાર્ષિક રકમના ૫% લેખે સિક્યોરિટી ડીપોઝીટ ભરવાની રહેશે અને ભાવનગર - મહાનગરપાલિકાના નિયમ મુજબ કોન્ટ્રાક્ટ પેપર (એગ્રીમેન્ટ) પર સહી/સિક્કા કરી આપવાના રહેશે. સિક્યોરીટી ડીપોઝીટ ડીમાન્ડ ડ્રાફ્ટ/ બેંક ગેરેન્ટીના સ્વરૂપે જમા કરવાની રહેશે. કોન્ટ્રાક્ટ પેપર (એગ્રીમેન્ટ) માટે જરૂરી રકમનો સ્ટેમ્પ પેપર ટેન્ડર ભરનાર સંસ્થાએ સ્વ-ખર્ચે લાવવાનો રહેશે. જો સંસ્થા ટેન્ડર સ્વીકાર્યાની જાણ કર્યા બાદ વ્યાજબી કારણો સિવાય દિન - ૧૫ માં સિકયોરીટી ડીપોઝીટ ભરશે નહી તો તેની ટેન્ડર સાથે ભરેલ અર્નેસ્ટ મની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તેમજ સંસ્થાને બ્લેક લીસ્ટ કરવા સુધીના પગલા લેવામાં આવશે. સિક્યોરીટી ડીપોઝીટ કોન્ટ્રાક્ટનો સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ થયેથી મહાનગરપાલિકાનું કોઈ લેણું બાકી હશે તો તે વસુલ લઈને છુટી કરવામાં આવશે તેમજ સિક્યોરીટી ડીપોઝીટ/અર્નેસ્ટ ડીપોઝીટ ઉપર કોઈ પણ પ્રકારનું વ્યાજ ચુકવવામાં આવશે નહી.

(૧૫) ટેન્ડર આવી ગયા બાદ કવરમાં રાખેલ ટેક્નીકલ બીડ ખોલવામાં આવશે અને આવેલ તમામ ટેન્ડરનું મુલ્યાંકન કરવામાં આવશે તથા જે સંસ્થા ટેન્ડરમાં જણાવ્યા મુજબના ક્વોલીફીકેશન કાઈટેરીયા

ધરાવતા હશે તે જ સંસ્થા ટેક્નીકલી કવોલીફાઈડ ગણાશે અને તેમના જ ઓનલાઈન પ્રાઇસબીડ પાછળથી નક્કી થયેલ તારીખે બોલવામાં આવશે અને નિર્ણય લેવામાં આવશે.

(૧૬) ટેન્ડર વેલીડીટી પીરીયડ :- ટેન્ડર ખોલ્યા તારીખથી ૧૨૦ દિવસનો રહેશે.

(૧૭) કોન્ટ્રાક્ટ પેપર (એગ્રીમેન્ટ)માં ભાવનગર મહાનગરપાલિકા દ્વારા નક્કી થાય તે મુજબની ટેન્ડરની શરતો સિવાયની મહાનગરપાલિકાની સામાન્ય શરતો પણ માન્ય રાખવાની રહેશે.

(૧૮) કોન્ટ્રાક્ટર દ્વારા આ કામગીરી માટે લાગુ પડતાં સરકારશ્રીના વિવિધ વિભાગોના તમામ કાયદાઓ - નિયમો, મજૂરો/કર્મચારીઓને લગતા કાયદાઓની તમામ જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે તથા જરૂરીયાત અનુસારના જે તે સરકારી વિભાગોના રજીસ્ટ્રેશન લાયસન્સ વિગેરે મેળવવાની જવાબદારી તથા તે અંગેના ખર્ચ વિગેરેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે અને તે અંગે ભાવનગર મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહીં. સદર સર્વિસ પૂરી પાડવા અંગે સરકારી ધારા ધોરણ મુજબનાં તમામ જરૂરી લાયસન્સ કે અન્ય કોઈ બાબતોની જરૂરિયાત રહેતી હોઈ તો તે અંગેની સઘળી જવાબદારી તથા તેનું પાલન કરવાની સમગ્ર જવાબદારી કોન્ટ્રાક્ટરની પોતાની રહેશે.

(૧૯) ભાવો ભરનાર એજન્સીએ ભરવામાં આવેલ ભાવમાં GST નો સમાવેશ કરવાનો રહેશે નહિ. GST ની રકમ સરકારશ્રીના વખતોવખતના નિયમ મુજબ અલગથી આપવામાં આવશે. એજન્સી દ્વારા નીલ અથવા નીચા ભરવામાં આવેલ ભાવો અમાન્ય ગણવામાં આવશે અને ટેન્ડર રદ કરવામાં આવશે. એજન્સી દ્વારા વ્યાજબી તેમજ વર્કેબલ (પોષણક્ષમ) ભાવો જ ભરવાના રહેશે જે એજન્સી દ્વારા સૌથી નીચા ભાવો તરીકે અસામાન્ય ઊંચા અથવા સાવ મામુલી કે નગણ્ય ભાવો ભરવામાં આવશે તે એજન્સીએ તેઓ દ્વારા ભરેલ ભાવો અંગે જરૂરી ભાવપૃથ્થકરણ (રેટ એનાલીસીસ) અત્રેથી સૂચના મળ્યેથી રજુ કરવાનું રહેશે. આ ભાવપૃથ્થકરણ (રેટ એનાલીસીસ) વ્યાજબી તેમજ વર્કેબલ (પોષણક્ષમ) જણાશે તો જ ભાવો મંજુર કરવામાં આવશે અન્યથા અન્ય યોગ્ય સંસ્થાનો આ કામ માટે સંપર્ક કરવામાં આવશે.

(૨૦) સદરહુ કામ વર્કઓર્ડર આપ્યા તારીખથી દિન-૧૫ માં સત્વરે શરૂ કરવાનું રહેશે. શરુ કામના નિયમિત રીતે ફોટોગ્રાફ બીલ સાથે અવશ્ય રજુ કરવાના રહેશે.

(૨૧) ટેન્ડર ડોક્યુમેન્ટ રૂબરૂ કે આંગડીયા દ્વારા સ્વીકારવામાં આવશે નહી. રજી. એડી. અથવા સ્પીડ પોસ્ટથી જ નિયત સમયમાં પહોંચતા કરવાના રહેશે. નિયત સમય બાદ ટેન્ડર ડોક્યુમેન્ટ સ્વીકારવામાં આવશે નહી.

(૨૨) કોઇ ટેન્ડર મંજૂર કરવું કે નહિ તેનો સંપુર્ણ અબાધિત હક્ક કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાનો રહેશે. આવેલ ટેન્ડરો સ્વીકારવા કે ન સ્વીકારવાનો નિર્ણય કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાનો અબાધિત રહેશે.

(૨૩) ટેન્ડરની શરતો અને કરારનામાની શરતોમાં સુધારો-વધારો કરવા કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા અબાધિત હક્ક ધરાવે છે અને તે ટેન્ડર ભરનારને બંધનકતી રહેશે.

(૨૪) ૧૮ વર્ષ થી ઓછી વયના તથા ૫૦ વર્ષથી વધુ વયના વ્યક્તિને કામ પર રાખી શકાશે નહિ.

(૨૫) ટેન્ડરના મુખ્ય કવર ઉપર કામનું નામ લખવાનું રહેશે. ટેન્ડર ના મુખ્ય કવરની અંદર ૨ નાના કવર મુકવાના રહેશે. જેને કવર નંબર ૧ અને ૨ એમ નંબર આપવાના રહેશે. કવર નંબર ૧ માં ટેન્ડર માટેના જરૂરી દસ્તાવેજોની પ્રમાણિત નકલ મૂકવાની રહેશે જેના દરેક પાના ઉપર જવાબદાર વ્યક્તિની સહી સિક્કો મારવાનો રહેશે. તથા કવર ઉપર ટેન્ડર ડોક્યુમેન્ટ અને દસ્તાવેજો એમ લખવાનું રહેશે. કવર નંબર ૨ માં ટેન્ડર ફી રૂ.૫૦૦નો અને ડીપોઝીટ રૂ.૨૫,૦૦૦ નો રાષ્ટ્રીયકૃત બેન્કનો ડિમાન્ડ ડ્રાફ્ટ/એફ.ડી.આર અથવા રોકડમાં ભર્યાની પોચ ટેન્ડર ઇસ્યુ થયાની તારીખ પછીની તારીખની મુકવાની રહેશે. તથા કવર ઉપર ટેન્ડર ફી અને ડીપોઝીટ એમ લખવાનું રહેશે.

(૨૬) કામ પર રાખવામાં આવેલ તમામ લોકોને નિયત ઓળખપત્ર, ગણવેશ તથા સંબંધિત કામ માટેના ઓજારો/સાધનો/મશીનરી પુરા પાડવાની જવાબદારી સંસ્થાની રહેશે.સ્થળ પર કામ કરતા સમયે બેરીકેડ, હેલ્મેટ,ગ્લોઝ,હોલ શુઝ, રીફ્લેકટર, જેકેટ જેવા જરૂરી તમામ સલામતીના સાધનોનો ઉપયોગ ફરિજયાત કરવાનો રેહશે.

(૨૭) આ કરાર અથવા કામ બિનતબદીલપાત્ર છે સંસ્થા પેટા સંસ્થાને રોકી શકશે નહીં અને આ કરારની અન્ય કોઈ બાબત અન્ય સંસ્થાને તબદીલ કરી શકશે નહી.

(૨૮) સંસ્થાના માલિકના મૃત્યુના કિસ્સામાં આ કરાર સમાપ્ત ગણવામાં આવશે અને કામ પૂર્ણ થયેલું માનવામાં આવશે તથા થયેલ કામનું જ ચુકવણું કરવામાં આવશે.

(૨૯) ટેન્ડર ભરનાર સંસ્થાએ ટેન્ડરની તમામ શરતો કાળજીપુર્વક વાંચી સમજીને ટેન્ડર ભરવાનું રહેશે. શરતી ટેન્ડરો સ્વીકારવામાં આવશે નહી.

(૩૦) ટેન્ડરની તમામ બાબતો માટે ભાવનગર મહાનગરપાલિકાની ટેન્ડર કમિટીનો નિર્ણય આખરી રહેશે કોઈપણ ટેન્ડર મંજૂર અથવા ના મંજૂર કરવાની સંપૂર્ણસત્તા કમિશ્નરશ્રી ભાવનગર મહાનગરપાલિકાની રહેશે.

(૩૧) ટેન્ડર તથા એગ્રીમેન્ટની કોઈપણ શરતમાં સુધારા વધારા કરવા, રદ કરવી, ઉમેરવી કે કોઈ શરતના અર્થઘટન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેની આખરી સત્તા કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાની રહેશે.

(૩૨) સંસ્થા દ્વારા ફરજ પર મુકવામાં આવેલ સઘળા કર્મચારીઓ આજે કે ભવિષ્યમાં કોઇપણ સંદર્ભમાં ભાવનગર મહાનગરપાલિકાના કર્મચારીઓ ગણાશે નહી તેમજ તેને લગતા કોઈપણ જાતના પગાર, ભથ્થા, સવલતો કે રજાઓ વગેરે માટે હકદાર ગણાશે નહીં અને સંસ્થા દ્વારા પૂરો પાડવામાં આવેલો સ્ટાફ જે તે મુદત પૂરી થઈ જે તે સંસ્થાએ પોતાની સાથે પરત લઈ જવાનો રહેશે.

(૩૩) ટેન્ડર ભરનાર સંસ્થાને ભાવનગર મહાનગરપાલિકા દ્વારા કોઇપણ પ્રકારના સાધનો કે ઓઝારો કે મશીનરી આપવામાં નહિ આવે.

(૩૪) સદરહુ ટેન્ડર ઓનલાઇન વેબસાઇટ https://tender.nprocure.com પર જ ભરવાનું રહેશે. તથા સદરહુ ટેન્ડર અભ્યાસ માટે ભાવનગર મહાનગરપાલિકાની વેબસાઈટ www.bmcgujarat.com પરથી પણ મેળવી શકાશે.

**(ડ) શિક્ષાત્મક કાર્યવાહી કરવા અંગેની શરતો (Penalty Clauses)**

(૩૫) ટેન્ડર ભરનાર સંસ્થા વેલીડીટીની સમયમર્યાદા દરમ્યાન સ્વેચ્છાએ ટેન્ડર પાછુ ખેચી શકશે નહી તથા કામગીરી સોંપાયા બાદ સમય મર્યાદામાં કામગીરી શરુ નહી કરનારની ઈ.એમ.ડી તથા ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તથા કામગીરી સોંપ્યા બાદ સંતોષકારક કામગીરી નહી કરનાર અથવા તો કામગીરી અધવચ્ચેથી છોડી દેનાર કોન્ટ્રાક્ટરની ઈ.એમ.ડી તથા સિક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તેમજ સંસ્થાને બ્લેક લીસ્ટ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

(૩૬) જો સંસ્થા આપવામાં આવેલ કામગીરી સંતુષ્ટ રીતે પૂરી પાડવામાં નિષ્ફળ નીવડે અને કચેરીને તેની સેવાઓથી અસંતોષ થાય તો સંસ્થાની સિક્યુરિટી ડિપોઝિટ જપ્ત કરવામાં આવશે અને તેની સેવાઓ સમાપ્ત કરાશે જે માટે કામ અટકાવી દેવા દિન-૭ ની લેખિત નોટીસ આપવામાં આવશે. આ ઉપરાંત એગ્રીમેન્ટમાં કોઈપણ જોગવાઈ હોય તેમ છતાં કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય સક્ષમસત્તા અથવા કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા એક માસની નોટીસ આપીને એગ્રીમેન્ટનો અંત લાવી શકશે આ રીતે રદ થયેલ એગ્રીમેન્ટના બાકીના સમયગાળાનું કોઈ વળતર આપવામાં આવશે નહીં.

(૩૭) સંસ્થા દ્વારા મુકવામાં આવેલ વ્યક્તિઓ દ્વારા તેમની આવડત બેદરકારી કે હેતુપૂર્વક તથા અન્ય કોઈપણ કારણસર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કચેરીની મિલકત કે અન્ય કોઈપણ વસ્તુ કે અન્ય સાધન સામગ્રીને કે સેવાને સરકારી રેકર્ડ કે અધિકારી અથવા કર્મચારીઓની વસ્તુને પ્રત્યક્ષ કે પરો રીતે થયેલ

નુકસાન કે સરકારને ભોગવવાનું થતું તમામ નુકસાન ટેન્ડર ભરનાર સંસ્થા ભરપાઈ કરવા બંધાયેલ છે. કચેરીની કોઈપણ સામગ્રી અથવા મટીરીયલ સંસ્થા કે તેના માણસો પરવાનગી સિવાય ખસેડી શકશે નહીં. આવા કોઈ પણ કસુર સબબ એજન્સીના બીલ માંથી રૂ.૫૦૦૦ અથવા ખરેખર થયેલ નુકશાનીના ખર્ચની રકમ બેમાંથી જે વધુ હોય તે પેનલ્ટી સ્વરૂપે વસુલ લેવામાં આવશે તથા વધુ ગંભીર ગુના માટે પોલીસ કાર્યવાહી કરવામાં આવશે અને કમિશનરશ્રીના હુકમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે જે ટેન્ડર ભરનાર સંસ્થાને મંજુર રહેશે.

(૩૮) કોન્ટ્રાક્ટર કે તેમના દ્વારા મુકવામાં આવેલ કર્મચારી કામકાજના સ્થળ પર પ્રતિબંધિત ચીજવસ્તુ કે પદાર્થ કે કોઇ કેફી પીણું લાવી શકશે નહીં તથા તેનો ઉપભોગ કરીને આવી શકશે નહી. કામકાજના સ્થળ પર ધુમ્રપાન., ગુટખા, તમાકુયુક્ત પદાર્થ, નશાયુક્ત પીણા કે પદાર્થ લાવવા પર કે તેના ઉપભોગ પર પ્રતિબંધ છે. આવા કોઈ પણ કસુર સબબ એજન્સીના બીલ માંથી રૂ.૧૦૦૦ પેનલ્ટી વસુલ લેવામાં આવશે.

(૩૯) કરારની મુદત દરમિયાન આવી સેવા પૂરી પાડનાર સંસ્થા જે તે સેવા પૂરી પાડવાની કામગીરી કરવામાં નિષ્ફળ જાય અને ભાવનગર મહાનગરપાલિકાએ વૈકલ્પિક વ્યવસ્થા કરવી પડે તો તે અંગે થનાર સમગ્ર ખર્ચ જે તે સંસ્થા પાસેથી વસૂલ કરવામાં આવશે અને આ અંગે કમિશનરશ્રી,ભાવનગર મહાનગરપાલિકાનો નિર્ણય આખરી ગણાશે.

(૪૦) જો કોન્ટ્રાક્ટર કે તેમના દ્વારા રોકવામાં આવેલ કર્મચારી તરફથી બેદરકારીને કારણે ભાવનગર મહાનગરપાલિકાને કોઈપણ જાતની નોટિસ બજે, કેસ થાય, કાનૂની કાર્યવાહીમાં હિસ્સો લેવો પડે, જવાબ આપવા પડે કે કોન્ટ્રાક્ટરના કસુરના કારણે સંસ્થાને કોઈપણ જાતનું નુકસાન થાય તો તે એગ્રીમેન્ટનો ભંગ ગણાશે અને તે માટે થયેલ તમામ ખર્ચ કોન્ટ્રાક્ટરના બીલ અથવા ડિપોઝિટમાંથી કાપી શકાશે અથવા અન્ય કોઈપણ રીતે વસૂલ લઇ શકાશે.

(૪૧) કામ કરતા સમય દરમિયાન મહાનગરપાલિકાની મિલકતને અથવા સંસ્થા દ્વારા રોકવામાં આવેલ કર્મચારીને કે જાહેર જનતાને કોઈ પણ પ્રકારનું નુકશાન કે જાનહાની થાય તો તેની જવાબદારી જે તે સંસ્થાની જ રહેશે ભાવનગર મહાનગરપાલિકાની રહેશે નહિ.

(૪૨) ટેન્ડરના સ્કોપ ઓફ વર્કમાં સૂચવેલ કામો યોગ્ય રીતે ન કરવા બાબતે પેનલ્ટીની વિગત:

-સફેટીના સાધનનો ઉપયોગ ન કરવામાં આવે તો રૂ. ૫૦૦/દિવસ
-મૃત થયેલ ફૂલ-છોડ દિન ૫ માં બદલી આપવામાં ન આવે તો રૂ. ૫૦૦/દિવસ

-કોઈ પણ સંજોગોમાં પાણી ની અછત ને લીધે જો કોઈ વૃક્ષ બળી ને મૃત થાય તો તે માટે પ્રતિ સ્થળ/દિવસ રૂ.3000 કામ કરનાર સંસ્થાએ આ મૃત વૃક્ષ/વૃક્ષો ને પોતાના ખર્ચે બદલી આજ પ્રકારનું નવું વૃક્ષ/વૃક્ષો વાવી આપવાના રહશે.

(૪૩) તમામ કામ આપેલ મુદત પ્રમાણે અગર તે અગાઉ પંસદગી ને પાત્ર ઠરે તેવી રીતે બરોબર પૂરું કરવું આપેલી મુદત ઉપરાંત વધારે દિવસ થાય તો પેનલ્ટી પેટે જેટલા દિવસ વધારે થાય તેટલા દરેક દિવસ નાં કોન્ટ્રાકટ વેલ્યુ/મંજુર રકમ ( જો કામમાં એક્સેસ થાયતો એક્સેસ સહિત ની કુલ મંજુર રકમ) નાં ૦.૧૦ ટકા મુજબની રકમ કપાત કરાવા પાત્ર ઠરશે જે મહત્તમ ૧૦ ટકા રહેશે.જો જે તે કામે મંજુર રકમ કરતાં સેવિંગ રહે તો ફાઈનલ બીલની રકમ મુજબની પેનલ્ટી જમા રાખવાની રહેશે. પરંતુ બીજું વધારે કામ કરાવવું પડે તેવા કામ માટે અરજી કર્યે થી કમિશ્નરશ્રી સાહેબ મુળ કામ અને મુદત ઉપર સુરત રાખી યોગ્ય મુદત વધારી શકાશે.યોગ્ય કારણોસર ટાઈમલીમીટમાં વધારો કરવાનો થતો હશે તો પણ ટાઈમ લીમીટનો વધારો મંજુર ન થાય ત્યાં સુધી પેનલ્ટી ની રકમ પેનલ્ટી હેડે જ જમા લેવાશે ( તે રકમ રીટેન્શન એમાઉન્ટ તરીકે જમા રાખવાની કોઈ પ્રથા નથી કે પ્રથા અમલી રહેશે નહી કે તેવી કોઈ માંગણી ગ્રાહય રખાશે નહી.)

(૪૪) પત્ર વ્યવહારનુ સરનામું : ગાર્ડન સુપ્રિન્ટેન્ડેન્ટશ્રીની કચેરી, ગાર્ડન વિભાગ, સરદારબાગ, પાનવાડી, ભાવનગર-3૬૪૦૦૧.

**(૪૫) અગત્યની તારીખો**

૧. ટેન્ડર ભરવાની તારીખ:-અત્રેની કચેરીએ પહોંચતા કરવાની તારીખ: ૧૪/૧૦/૨૦૨૪ થી ૨૮/૧૦ /૨૦૨૪

૨. ટેન્ડર ડોક્યુમેન્ટ (ટેકનીકલ બીડ) અત્રેની કચેરીએ પહોંચતા કરવાની તારીખ ૦૬/11/૨૦૨૪

3. શક્ય હશે તો તારીખ: ૦૭/11/૨૦૨૪ ના રોજ જ ટેન્ડર કમીટી સમક્ષ' ટેન્ડર ડોક્યુમેન્ટ (ટેકનીકલ બીડ) ખોલવામાં આવશે. ટેકનીકલ બીડમાં ઉતીર્ણ થનાર સંસ્થાઓની જ ઓનલાઈન પ્રાઈઝબીડ ખોલવામાં આવશે. પ્રાઈઝબીડ ખોલવાની તારીખમાં ફેરફાર કરવાનો નિર્ણય કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાનો આખરી રહેશે.ઉપર મુજબ ટેન્ડરની વિગતો અને શરતો અમોને બંધનકર્તા છે. અમો આ કામ સંતોષપુર્ણ રીતે પુરૂ કરી આપવા બંધાઈએ છીએ તે બદલ અમોએ વાંચી વિચારીને નીચે સિક્કો મારી સહી કરી આપેલ છે.

(કોન્ટ્રાક્ટરની સહિ/સિક્કો)

રોકડામાં ભરી હોય તો તે ડિપોઝીટ ભર્યા અંગેની પહોંચ નંબર ...................... તા.........................

એફ.ડી.આર.નં........................................ રકમ રૂ..........................

બેંક વિગત..................................................................................